# રાજ્યસભામાં ૪ બેઠકો માટે પાંચ ઉમેદવારો

**કોંગ્રેસને તોડવા નરહરી અમીનને મેદાને ઉતાર્યા, ભરતસિંહ સામે પડકાર : ભાજપના ત્રણ અને કોંગ્રેસના બે ઉમેદવારોએ ફોર્મ ભર્યા : અમીનનું ફોર્મ ભરવામાં મોડું થઈ જતાં ભાજપના બે ઉમેદવાર વિજય મુહૂર્ત ચૂક્યા : કોંગ્રેસના બંને ઉમેદવાર પણ ફોર્મ ભરવામાં વિજય મૂર્હુત ચુકી ગયા**




ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં રાજ્યસભાની ચાર બેઠકો માટે હવે ચૂંટણી નિશ્ચિત થઈ ચૂકી છે. કોંગ્રેસના જૂના જોગી અને એક સમયના ભરતસિંહ સોલંકીના મિત્ર નરહરિ અમીને ખુદ મિત્ર માટે મુશ્કેલી ઉભી કરી દીધી છે. ૨૬મી માર્ચે યોજાનારી ચૂંટણીમાં ચાર બેઠકો સામે પાંચ ઉમેદવારો છે. કોંગ્રેસને બીજા ઉમેદવાર માટે બે મતો ખૂટે છે ત્યારે ભાજપના ત્રીજા ઉમેદવાર નરહરિ અમીન રાજ્યસભામાં જવા માટે એડીચોટીનું જોર લગાવી શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમની પડખે ઉભા છે.

ભાજપે રાજ્યસભા માટે અભય ભારદ્વાજ અને રમિલા બારાને ટિકિટ આપી છે જ્યારે કોંગ્રેસે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. ચાર બેઠકો માટે ચાર ઉમેદવાર હોત તો તેઓ વિજયી જાહેર થઈ ચૂક્યાં હોત પરંતુ સ્ટેટેજીના ભાગરૂપે ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમીનને ઉમેદવારી કરાવી છે. અમીનનું ગોત્ર કોંગ્રેસી છે તેથી કોંગ્રેસના પાટીદાર ધારાસભ્યોની સહાનુભૂતિ લેવા માટે ભાજપે આ દાવ ખેલ્યો છે.

કોંગ્રેસ હાઈકમાન્ડ પાસેથી દાવપેચ ખેલીને ભરતસિંહે રાજ્યસભાની ટિકિટ તો મેળવી

● અનુસંધાન પાન-૭ પર



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### કૃષિ સહાય પેકેજ અન્વયે જિલ્લાના ખેડુતોને ૧૨૩૧ લાખની સહાય

ગાંધીનગર તા ૧૩

સરકારે જાહેર કરેલી કૃષિ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા જિલ્લાના કેટલા ખેડુતોએ ઓનલાઈન અરજી કરી હતી વિધાનસભા ગૃહમાં પુછાયેલા આ પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લાના ૬૨૦૪૨ ખેડુતોએ આ માટે અરજી કરી હતી. જયારે ઓનલાઈન અરજીઓ કરતી વખતે ખેડુતોને પડતી મુશ્કેલીઓનુ સમયસર નિરાકરણ લાવી કામગીરી પુર્ણ કરી છે. આ અરજીઓ અન્વયે ગાંધીનગર જિલ્લામાં રૂ૧૨૩૧.૭૧ લાખ રકમની સહાય ચુકવવામાં આવી છે. જયારે બાકી રહેતા પાત્રતા ધરાવતા ખેડુતોને શક્ય તેટલા વહેલા સહાય ચુકવવામાં આવશે તેમ પણ તેમણે પેટા પ્રશ્નના જવાબમાં જણાંવ્યુ છે.

- **સ્પોર્ટસ બિલ્ડીંગ બનાવવા ૧૦.૮૦ કરોડ ખર્ચાશે**

બે વર્ષ દરમિયાન જિલ્લામાં રમત ગમતના મેદાનો માટે કેટલી રકમ ફાળવવામાં આવી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે રમત ગમત મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ રમત ગમતના મેદાન માટે સ્પોર્ટસ બિલ્ડીંગ બનાવવા છેલ્લા બે વર્ષમાં રૂ ૪ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જયારે આ સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે જેના જવાબમાં જણાંવાયુ હતુ કે સ્પોર્ટસ બિલ્ડીંગના બીજા માળ સુધીની આર સી સી ની કામગીરી પુર્ણ થઈ છે. જયારે રૂ ૧૦.૮૦ કરોડના ખર્ચે આ કામગીરી શકય તેટલી ઝડપે પુર્ણ કરાશે

- **માનવ કલ્યાણ યોજના અન્વયે ૭૨૪ અરજીઓ મંજુર કરાઇ**

જિલ્લાવાર માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી જયારે આ પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી તેવા પ્રશ્નના જવાબમાં કુટીર ઉદ્યોગ મંત્રીના જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૮ દરમિયાન ૨૧૯૩ અરજીઓ મળી છે જયારે આ પૈકી ૩૧૭ અરજીઓ મંજુર કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન ૧૪૨૬ અરજીઓ આવી છે. જયારે આ પૈકી ૪૦૭ અરજી મંજુર કરવામાં આવી હતી.

- **ટ્રેલીઝ મંડપ માટે ૨.૯ કરોડની સહાય ચુકવાઇ**

જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે રાજય સરકારને કેટલી અરજી મળી દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પુછેલા પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે ટ્રેલીઝ મંડપ માટે છેલ્લા બે વર્ષમાં સરકારને ૨૨૪૮ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૮૭૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ અન્વયે સરકારે ૨.૯ કરોડની સહાય ચુકવી છે.

- **પેકેટ પર છાપેલ કરતા વધુ કિમત વસુલતા ૧૬ એકમોને ૫૨ હજારનો દંડ**

જિલ્લામાં તોલમાપ ખાતા દ્વારા પેકેટ પર છાપેલી કિંમત કરતા વધારે પૈસા વસુલ કરવા અંગે કેટલા એકમો સામે પગલા લેવાયા બાપુનગરના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે જિલ્લામાં વર્ષ ૨૦૧૮ દરમિયાન ૩ અને વર્ષ ૨૦૧૯ માં ૧૩ એકમો સામે પગલા લેવાયા છે. જયારે આ બદલ ધી પેકેજડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ વેપારી એકમો પાસેથી છેલ્લા બે વર્ષમાં ગુન્હાની માંડવાળ પેટે રૂ ૫૨ હજારની વસુલાત કરવામાં આવી છે. જયારે આ મામલે એક પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી.

## ધો-૧૦માં સામાજિક વિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ : પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછાયા

**જિલ્લામાંથી ૪૯૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ વાણિજય વ્યવસ્થાની પરીક્ષામાં ૫૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા**

ગાંધીનગર તા ૧૩

ધો -૧૦ માં ગણિતના અઘરા પેપર બાદ વિદ્યાર્થીઓએ આજે સામાજિક વિજ્ઞાન વિષયની કસોટી આપી હતી જિલ્લામાંથી ૨૫૪૫૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૯૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સામાજિક વિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ રહ્યુ હતુ. પરંતુ પેપરમાં પુછાયેલા પ્રશ્નો વિદ્યાર્થીની કસોટી કરવાની સાથે સમજણ અને કૌશલ્યની પરખ કરે તેવા હતા. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ૫૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો -૧૦ માં આજે ગણિતના અઘરા પેપર બાદ સમાજવિજ્ઞાન વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. સામાજિક વિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત હતુ. કીશોર ઈન્સ્ટીટયુટના વિષય નિષ્ણાંત અલ્કેશ ત્રિવેદીએ આ અંગે જણાંવ્યુ હતુ કે સામાજિક વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે કસોટી સમાન હતુ પરંતુ એકંદરે સરળ રહ્યુ હતુ. જયારે પેપરમાં વિદ્યાર્થીઓને મુંઝવણમાં મુકે તેવા ટવિસ્ટ કરીને પ્રશ્નો પુછાયા હતા. જયારે પેપરમાં ૧૯ અને ૨૬ નંબરના પ્રશ્નો વિદ્યાર્થીની સમજશક્તિની પરખના હતા. વિભાગ સી માં મોટાભાગના પ્રશ્નો કોયડા ઉખાણા સોલ્વ કરવા પડે તેમ હોવાથી પાઠયપુસ્તક આધારિત તૈયાર કરનારા વિદ્યાર્થીઓને કોઈ તકલીફ પડી ન હતી. ચોપડી ,સ્વાધ્યાય તેમજ સાહિત્યમાં છાપેલા બેઠા પ્રશ્નો પુછાયા ન હતા જેથી વિદ્યાર્થીઓને મથામણ કરવી પડી હતી. ચોપડીના ચિત્રો બતાવી બે પ્રશ્નો પુછાયા હતા જેમાં વિદ્યાર્થીઓની કસોટી, સમજણ અને કૌશલ્યની પરખ કરે તેવા હતા. વિદ્યાર્થીઓ માટે એકંદરે પેપર સરળ પુરવાર થયુ હતુ. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ આજે વાણિજય વ્યવસ્થાની પરીક્ષા હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી પરીક્ષામાં ૫૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જયારે જિલ્લામાંથી ૬૮૫૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## આગામી સપ્તાહમાં વાતાવરણ વાદળછાયુ રહે પણ કમોસમી વરસાદ નહિ થાય

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહેશે પરંતુ વરસાદની પડવાની સંભાવના નથી તેવી આગાહી હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮૫માં કરવામાં આવતાં ખેડૂતોએ રાહતનો દમ લીધો છે.



આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. થી ૩૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૫ થી ૨૦ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

૧૪ માર્ચથી ૧૮ માર્ચ માટે કરાયેલ આ આગાહીમાં જણાવ્યા પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૮ થી ૩૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની ગતિ સરેરાશ ૧૦ થી ૧૬ કિ.મી. પ્રતિકલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવાયુ છે કે પરિપક્વ થયેલ શિયાળુ પાકની કાપણી હવામાનની સ્થિતિને ધ્યાને રાખી કરવી તેમજ ઉનાળુ પાકના વાવેતર માટે જમીનની તૈયારી કરવી. ઉનાળુ વાવેતર માટે બિયારણ અને ખાતર હાથવગુ કરી વાવણી કરવી.

આ બુલેટીનમાં શાકભાજીના પાકોની વાવણી કરવા માટે તેમજ મગ, તલ, ચોળા જેવા પાકોની વાવણી શરૂ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. તાપમાન ૩૫ ડિગ્રીથી વધશે નહિ તેવી આગાહી અને રાત્રિનુ તાપમાન પણ ૧૫ થી ૨૦ ડિગ્રી સે. રહેવાનું હોવાથી હજુ પણ એક સપ્તાહ સુધી બેવડી ઋતુની અનુભૂતિ થશે.

## રાજ્યમાં ગરીબોના લઘુત્તમ વેતનને ૧૯૯ કરી દેવાયું

અમદાવાદ,તા.૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે રાજ્યના ગરીબો માટે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે. રાજ્યમાં બીપીએલ પરીવારોમાં વર્ષ-૨૦૧૧ની યાદીમાં રહી ગયેલા પરિવારોને પણ આવરી લઈને લાભ આપવાનો અમારો નિર્ધાર છે. તેમણે ઉમેર્યું કે, બીપીએલની યાદીમાં સમાવેશ કરવા માટે વર્ષ-૨૦૧૧માં થયેલ સર્વે અનુસાર ગ્રેડ અનુસાર ગુણાંક મુજબ પસંદગી કરાઈ છે. આ યાદી અગ્રીમતાના ધોરણે પૂર્ણ કરીને જે

● અનુસંધાન પાન-૭ પર



લીમડે આવ્યાં મોર... લીમડો ભલે કડવો હોય પણ ખૂબ ગુણકારી છે. લીમડાનો છાંયડો આકરા ઉનાળે ખૂબ ઠંડક આપે છે. પાનખરમાં લીમડાના વૃક્ષનુ એકેએક પાંદડુ ખરી જાય છે અને જમીન પર જાણે પીળી ચાદર બિછાવી દીધી હોય તેવી આભા જોવા મળે છે. વસંતઋતુ બેસતા જ લીમડાના વૃક્ષો જાણે નવા ક્લેવર ધારણ કરી લે છે. લીમડાને નવા પાન આવે છે. સાથોસાથ તેને ફૂલ પણ બેસે છે. જેની તળપદી ભાષામાં મોર કહેવાય છે. લીમડાના આ મોર અને કુણાં પાનનો રસ ચૈત્ર મહિનો બેસતા પીવામાં આવે છે. માત્ર દસ કે પંદર દિવસ સુધી નરણાં કોઠે પીવાતો લીમડાના મોરનો રસ આખુ વર્ષ શરીરને નિરોગી રાખે છે. હાલમાં વિશ્વભરમાં કોરોના જેવી મહામારીએ આતંક મચાવ્યો છે. ત્યારે લીમડાનો રસ પીવાથી નિરોગી રહી શકાય છે. લીમડા પર આવેલા મોરથી વૃક્ષની શોભા વધી છે.

## માનવ કલ્યાણ યોજના અંતર્ગત જિલ્લામાં ૭૨૪ લાભાર્થીઓને લાભ અપાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે ૩૧-૧૨-૧૯ની સ્થિતિએ બે વર્ષમાં ૩૬૧૯ અરજીઓ તંત્રને મળી હતી.

આ મળેલ અરજીઓ પૈકી માત્ર ૭૨૪ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. ૨૦૧૮માં ૨૧૯૩ અરજીઓ મળી હતી જેમાંથી ૩૧૭ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી જયારે ૨૦૧૯માં ૧૪૨૬ અરજીઓ મળી હતી જેમાંથી ૪૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

આ બે વર્ષના ગાળા દરમ્યાન સૌથી વધુ અરજીઓ કલોલ તાલુકામાંથી મળી હતી જેની સંખ્યા ૧૦૭૭ છે. આ પછી ગાંધીનગરમાંથી ૯૪૨, માણસામાંથી ૭૯૨ અને દહેગામ તાલુકામાંથી ૮૦૮ અરજીઓ મળી હતી.

આ યોજના અંતર્ગત ૨૭ પ્રકારની લાભાર્થીઓને ટુલકીટ આપવામાં આવે છે. આ યોજનામાં ૨૮૯૫ અરજીઓ લાભાર્થીની નામંજૂર કરવામાં આવવા પાછળ ચાર કારણો વધુ જણાયા છે. જેમાં ૧૦૧૮ અરજીઓ પ્રોજેક્ટ પ્રોફાઈલ રદ થવાના કારણે, ૧૦૯ અરજદારોને અગાઉ આ યોજના અંતર્ગત લાભ મળેલ હોવાથી, ૨૫ અરજદારોને યોજનાની ગાઈડલાઈન મુજબ પાત્રતા ધરાવતા ન હોવાથી તેમજ ૧૭૪૩ અરજદારોની અરજીઓ લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો હોવાથી રદ કરવામાં આવેલ હતી.

## રહેણાંક મકાનો પર સોલાર સિસ્ટમો માટે ૯૧૨ કરોડની જોગવાઈ

ગાંધીનગર, તા.૧૩

પર્યાવરણની જાગૃતિ અને સંવર્ધન એ આપણા સૌની નૈતિક જવાબદારી છે ત્યારે પર્યાવરણના સંવર્ધન માટે પુનઃપ્રાપ્ય ઊર્જા થકી ક્લાઈમેટ ચેન્જના વૈશ્વિક પડકારોને પહોંચી વળવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે એમ મુખ્યમંત્રીવતી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ક્લાઈમેટ ચેન્જ વિભાગની માંગણીઓ રજૂ કરતાં જણાવ્યું હતું. આજે વિધાનસભા ખાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરતાં મંત્રી ચુડાસમાએ ઉમેર્યું કે, ક્લાઈમેટ ચેન્જના વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૯માં ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ અંગેનો અલાયદો વિભાગ રચીને 'ગુજરાત' એશિયાનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ વર્ષે આ વિભાગના બજેટમાં ૧૦૧૯ કરોડ ઉપરાંત અન્ય ૧૮ જેટલા વિભાગોએ

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **મનહરલાલ અંબાલાલ શાહ** તા.૧૨/૦૩/૨૦૨૦ ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામ્યાં છે. **સદ્‌ગતનું બેસણું તા.૧૫/૦૩/૨૦૨૦ ને રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ: શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી, પોલીસ ચોકીની સામે, સેક્ટર-૭/સી, ગાંધીનગર**

સરિન મનહરલાલ શાહ (પુત્ર)
ભજના સરિન શાહ (પુત્રવધુ)
શ્યેન સરિન શાહ
સંજના સરિન શાહ
મીનાક્ષી જયપ્રકાશ શાહ (પુત્રી)
સાધના શૈશવ શાહ (પુત્રી)
શૈશવ ડી. શાહ (જમાઈ)
આશ્કા જયપ્રકાશ શાહ
સૂર શૈશવ શાહ

**Recruitment**

| | | |
|---|---|---|
| Post | : | Apprentice - Peon |
| Location | : | Gandhinagar |
| Last Date | : | 26/03/2020 |
| Qualification | : | Any graduate having passed the exam after April-2015 |
| Experience | : | Fresher may Apply |
| Age Limit | : | Maximum 30 years. |

The Above post will be filled up on fixed term contract base under Mukhyamantri Apprentice Training scheme with stipend of Rs. 9,000/- P.M.
**Only local and Male candidates will be preferred.**
The Selected Candidates will be appointed as an Apprentice for one year only.

Apply at
**Rajkot Nagarik Sahakari Bank Limited**
242, Aanandnagar, Sector-27, Gandhinagar Branch.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com